**જાહેરાત ક્રમાંક ૮૩/૨૧૬૧૭ બિનસચિવાલય કલાર્કની પ્રતિક્ષાયાદી બાબતે દિવ્ય ભાસ્કર/ગુજરાત સમાચાર માં પ્રસિધ્ધ થયેલ સમાચાર/જાહેરાત બાબતે ખુલાસો**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જાહેરાત ક્રમાંક ૮૩/૨૦૧૬૧૭, બિન સચિવાલય કલાર્ક તથા સચિવાલયના ઓફીસ આસીસ્ટંટ વર્ગ-૩ સંવર્ગની તા. ૧૬-૧૦-૨૦૧૬ ના રોજ સ્પર્ધાત્મક લેખીત પરીક્ષા ભાગ-૧ લેવામાં આવેલ. ત્યારબાદ તા. ૦૩-૦૧-૨૦૧૭ થી તા. ૧૨-૦૧-૨૦૧૭ સુધી કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ ભાગ-૨ ની પરીક્ષા લેવામાં આવેલ હતી. બંને પરીક્ષાના અંતે મેરીટના ધોરણે ઉમેદવારોની પ્રમાણપત્રોની ચકાસણી કરીને પસંદગી યાદીના ૪૬૮૦ ઉમેદવારોને તા. ૨૧-૦૪-૨૦૧૭ ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્ હસ્તે ફાળવણી પત્રો એનાયત કરવામાં આવેલ હતાં. ત્યારબાદ તા. ૨૩-૦૪-૨૦૧૮ થી ૨૭-૦૪-૨૦૧૮ દરમ્યાન તથા તા. ૦૮-૦૫-૨૦૧૮ અને તા. ૧૪-૦૫-૨૦૧૮ ના રોજ પ્રતિક્ષા યાદીમાં ઉપલબ્ધ કુલ ૯૫૧ પૈકી ૮૨૧ ઉમેદવારોને મંડળની કચેરી ખાતે શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રો અને અન્ય જરૂરી પ્રમાણપત્રો ની ખરાઇ માટે બોલાવેલ તથા તે જ સમયે ખાતા/કચેરીની જગાઓ ઓન લાઇન સ્ક્રીન ઉપર દર્શાવીને પસંદગીનો વિકલ્પ ભરાવીને પ્રતીક્ષાયાદી પરના ઉમેદવારો પૈકી કુલ ૭૦૬ ઉમેદવારોને રૂબરૂ ફાળવણી પત્રો એનાયત કરવામાં આવેલ હતાં.

તાજેતરમાં તા. ૧૧-૦૮-૨૦૧૮ના દૈનિક અખબાર દિવ્ય ભાસ્કર ની ગાંધીનગરની આવૃત્તિમાં તથા તા. ૨૫-૦૮-૨૦૧૮ ના ગુજરાત સમાચારની ગાંધીનગરની આવૃતિમાં સમાચાર/જાહેરાત પ્રસિધ્ધ થયેલ છે કે, "૭૦૦ થી વધુ ઉમેદવારોને મંડળે મળતીયા દ્વારા ગૌણ સેવા પસંદગી મંડળના લેટરપેડ ઉપર ઓર્ડર ઇસ્યુ કરાયા છે અને તેવા ઉમેદવારો આગામી સમયમાં નોકરી ઉપર હાજર થવાના છે.

ઉકત પ્રસિધ્ધ થયેલ સમાચાર/જાહેરાત તદ્દન સત્યથી વેગળા છે. મંડળ દ્વારા યોજવામાં આવેલ પ્રમાણપત્રોની ચકાસણી અને ખાતા/કચેરીના વિકલ્પ પસંદગી માટેના કાર્યક્રમના અંતે મંડળ દ્વારા ઉમેદવારોને રૂબરૂમાં ફાળવણી પત્રો એનાયત કરવામાં આવેલ છે. તે સિવાય કોઇપણ ઉમેદવારોને મંડળ દ્વારાં બારોબાર ફાળવણી પત્રો આપવામાં આવેલ નથી. જેની નોંધ લેવી.

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ
ગાંધીનગર